**મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી કે.જી.પટેલ સાહેબ સુરત સમક્ષ.**

**રેફરન્સ (એલ.સી.એસ.) નંબર : ૧૦૫/૨૦૧૯**

**આંક-૪**

પ્રથમ પક્ષકાર : -૧. SIS Security Intelligence Services (India) Limited.,
લેબર કોન્ટ્રાકટરશ્રી નરેન્દ્ર શેખાવત ઈન્ચાર્જશ્રી ઉમાકાંત પાધી,
ઠે.સી-૬/૭, ગીતાનગર સોસાયટી, સંઘવી ટાવર,
રામનંદ શો-રૂમની પાસે, અડાજણ ગામ,સુરત.

૨. Manappuram Finance Limited,
ઠે. શોપ નં.૧,ગ્રાઉન્ડ ફલોર, સ્વસ્તિક આરકેટ,
વી.એમ.ગોઠાણી સ્કુલની સામે, આશ્રમ રોડ કતારગામ,સુરત.

**વિરુધ્ધ**

બીજા પક્ષકાર : - શ્રી ધર્મેન્દ્રસિંહ લક્ષ્મણ સિંહ દાગી,
રહે. C/o. બાબુભાઈ મકાનમાં, પ્લોટ નં.૫, જનતા નગર,
કતારગામ,સુરત.
C/o. સુરત લેબર યુનિયન રજી નં. ૧૦૫૦,
૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર, માન દરવાજા,
રીંગરોડ,સુરત.

વિષય : આઈ.ડી.એકટની કલમ-૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે

**<u>પ્રતિનિધિત્વ</u> :-**

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : ગેરહાજર
પ્રથમ પક્ષકાર નં.૨ તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : ગેરહાજર

**-:: એ વો ર્ડ ::-**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી સુરત તેમના તા.૨૫/૦૭/૧૯ના હુકમ ક્રમાંક : કેએચ/એચએસએમસી/એજે/આઈડીઆર/૧૬૩/૨૦૧૯ થી અત્રેની અદાલત સુરતને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.

**-:: અનુસૂચિ ::-**

કામદાર શ્રી ધર્મેન્દ્રસિંહ લક્ષ્મણ સિંહ દાગી ને પડેલા દિવસોના પગાર સહિત

નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(ર) સદર કામે બીજા પક્ષકારને નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી ગયેલ હોવાનું આંક–૩ની નોટીસ લગત બેલીફે કરેલ શેરો ઘ્યાને લેતા બજી ગયેલ હોવાનું જણાય છે. આ કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીનાઓએ આંક–૧ લગત હુકમ કરી બીજા પક્ષકારનો માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક તા.૩/ર/ર૦ર૦ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ પ્રથમ પક્ષકારનો જવાબનો હકક તા.૧૮/ર/ર૦ર૦ના રોજ આંક–૧ લગત હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ બીજા પક્ષકાર કે તેઓ તરફે કોઈ હાલનો રેફરન્સ દાખલ કર્યા બાદ હાજર રહેતા ન હોઈ અને સદર કામ બીજા પક્ષકારના પુરાવાના સ્ટેજ ઉપર હોઈ બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ કરેલ ન હોઈ આંક–૧ લગત હુકમ કરી તા.ર૭/ર/ર૦ર૦ના રોજ બીજા પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(પ) ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે પણ કોઈ હાજર ન રહેતા આંક–૧ લગત હુકમ કરી તા. ૧ર/ ૩/ર૦ર૦ના રોજ પ્રથમ પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ સદર કામ દલીલના સ્ટેજ પર હોઈ બીજા પક્ષકાર તરફે કોઈ હાજર ન હોઈ કે કોઈ રજુઆત કે રીપોર્ટ આપેલ ન હોઈ આંક–૧ લગત હુકમ કરી તા.પ/૭/ર૦ર૩ના રોજ બીજા પક્ષકારનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ત્યારબાદ આ કામ પ્રથમ પક્ષકારના દલીલના સ્ટેજ પર હોઈ પ્રથમ પક્ષકાર તરફે કોઈ હાજર ન હોઈ કે કોઈ રજુઆત કે રીપોર્ટ આપેલ ન હોઈ આંક–૧ લગત હુકમ કરી તા.૮/૭/ર૦ર૩ના રોજ પ્રથમ પક્ષકારનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે અને સદર કામ હુકમ માટે રાખવામાં આવેલ છે.

(૮) આ કામે ઉપરોકત જણાવ્યા મુજબ બીજા પક્ષકારે કોઈ માંગણાનું નિવેદન રજુ કરેલ હોય કે કોઈ પુરાવો રજુ કરેલ હોય તેમ બનેલ નથી. તે સંજોગોમાં મદદનીશ શ્રમ

આયુકતશ્રી સમક્ષ રજુ થયેલ દસ્તાવેજોના આધારે હાલના રેફરન્સનો નિર્ણય કરવાનો રહે છે. આ કામના બીજા પક્ષકારે તેમની શ્રમઆયુકત સમક્ષની ફરીયાદમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સિકયુરીટી ગાર્ડ તરીકે કામ કરતા હોવાનું અને તેમનો પગારનો રૂા.૧૬,૫૦૦/– હોવાનું તેમજ તેઓને તા.૧/૪/૨૦૧૯ના રોજ વગર વાંકે, વગર નોટીસે કે નોટીસ પગાર કે બાકી પગાર માહે. ડિસેમ્બર–૨૦૧૮ તથા જાન્યુઆરી – ૨૦૧૯નો કામનો તથા છટણી વળતર ચુકવ્યા વગર મૌખિક આદેશથી નોકરીમાંથી કાઢી મુકેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે બીજા પક્ષકારને તેમનો કેસ પુરવાર કરવા માટે પુરતી તક આપેલ છે તેમ છતાં બીજા પક્ષકારે માંગણાનું નિવેદન રજુ કરેલ હોય, કોઈ સોગંદનામુ રજુ કરેલ હોય કે કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજુ કરેલ હોય તેમ બનેલ નથી. બીજા પક્ષકારે આવા કોઈ પુરાવા મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ પણ રજુ કરેલા નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર તેઓનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તેથી હાલના બીજા પક્ષકારે રેફરન્સની અનુસુચીમાં જણાવેલી દાદ કે અન્ય કોઈ પણ દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ : –**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ માંગણાનું નિવેદન તથા પુરાવાના અભાવે આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત
તા.૧૪/૦૭/૨૦૨૩

(શ્રી કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
**Code No.GJ01285**
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત,કોર્ટ નં.૪સુરત

MITALI